જાન્યુઆરી ૨૦૧૪

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ

## વિરોધીઓ ઉપકારી



# સંપાદકીય

બાળમિત્રો,

ઘણી વાર એવું બને ને કે કોઈ તમારું ઊંધું બોલે કે તમારી ખોડ કાઢે કે પછી તમને ઉતારી પાડે ! ત્યારે તમે શું કરો ?

હાસ્તો, ખિજાઈ જ જવાય ને. એવું કરે એ કોને ગમે !

સામાન્યપણે બધાને આવું જ થતું હોય. એ જ તો ફરક છે, આપણામાં અને મહાપુરુષોમાં. મહાપુરુષો આ તકને ઝડપી લઈ પ્રગતિ કરતા હોય છે.

પરમ પૂજ્ય દાદાશ્રી કાયમ કહેતા કે 'કોઈ વિરોધ કરે તો એનો ઉપકાર માનજો.' એમની પાસે એવી તે શી સમજણ હશે જેથી તેઓ વિરોધીનો ઉપકાર માની શકતા હતા !

આ અંક વાંચીને આપણને પણ એ સમજણ અને શક્તિ પ્રાપ્ત થાય એ જ ભાવના...

-ડિમ્પલ મહેતા

## વિરોધીઓ ઉપકારી

-અનુક્રમણિકા-


જ્ઞાનીઓ કહે છે... ૩
આ તો નવી જ વાત ! ૪
ચેલેન્જ ૬
આલ્ફ્રેડ નોબેલ ૮
ચાલો રમીએ.... ૧૦
સુરદાસ ૧૨
ઊઘાડી આંખનું સપનું ૧૫
તમારી જાતને ચકાસી જુઓ.... ૧૮
GNC Day ની ઝલક ૨૦



અક્રમ એક્સપ્રેસ

તંત્રી તથા સંપાદક:
ડિમ્પલ મહેતા
વર્ષ : ૬, અંક : ૫
સળંગ અંક : ૬૫
જાન્યુઆરી ૨૦૧૪



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



**Printed & Published by**

**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.

**Owned by**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.

**Printed at**
**Amba Offset**
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

**Published at**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# જ્ઞાનીઓ કહે છે...



પ્રશ્નકર્તા : આપણે એ તો સમજ્યા કે આપણે બીજાનું પોઝિટિવ જ જોવું મને કોઈ ખરાબ કહે ત્યારે સામાવાળા પ્રત્યે ખૂબ નેગેટિવ ઉત્પન્ન થાય છે અને ગુસ્સો આવે છે. અંદર અંદર એના વિશે ખૂબ ખરાબ બોલાય જાય છે. તો તેનો નિકાલ કરવા શું કરવું?

દીપકભાઈ : તારી કોઈ બહેનપણી કહે કે 'તું ચોર છે' તો શું આપણે એની સાથે ઝઘડો કરવાનો ? એને પૂછવુ જોઈએ કે કેમ તને એમ લાગે છે ? તો એ કહે કે તારી પાછળ ચિઠ્ઠી લાગી છે, કે 'આ' ચોર છે. એવી ચિઠ્ઠી પાછળ લાગી હોય તો આપણને ખબર ના પડે એવું બને ને ? પછી આપણે ચિઠ્ઠી કાઢી નાંખીએ. હવે આવું હોય તો એની જોડે ઝઘડવાનું હોય કે ઉપકાર માનવાનો હોય?

પ્રશ્નકર્તા : ઉપકાર માનવાનો.

દીપકભાઈ : આ અરીસો હોય છે, તે આપણા કાન ઉપર કચરો ચોંટ્યો હોય ને એ અરીસામાં દેખાય તો આપણે અરીસાને વઢીએ ? તોડી નાંખીએ ? એની ભૂલ કાઢીએ ? કે મારી ભૂલો કેમ બતાવે છે ? હું આટલી રૂપાળી છું તોય. એવું વઢીએ આપણે અરીસા ને ? કે કાન પરથી કચરો કાઢી નાખીએ. અરીસાનો ઉપકાર માનીએને ? એવું કોઈ આપણને ખરાબ કહે તો કહેવું કે ક્યાં તને ખરાબી લાગી મારામાં ? તો એ કહે કે બસ, તુ કોઈની સાથે વાત નથી કરતી, વાત કરે ત્યારે તારું ધાર્યું જ કરતી હોય છે. તો કહેવું કે ઓહ ! સારું થયું તે મને બતાવ્યું. હવે હું સુધારીશ. આવું કરશું તો મિત્રતા ટકશે ને આપણી ભૂલ સુધરશે. એવું કરાય ને ?

પ્રશ્નકર્તા : હા.




દીપકભાઈ : અને જો પેલી વ્યક્તિ કંઈ ખરાબ કહીને જતી રહી અને આપણે અંદર એનું ખરાબ ચીતર્યું તો એમાં એનું નુકસાન ના થાય. આપણી ઉપર જ આવરણ આવે. એટલે એની માટે ખરાબ ચીતરવું ના જોઈએ. આપણે ઉલટાની તપાસ કરવી જોઈએ કે એ શું કામ મને આવું કહે છે. મારી કંઈ ભૂલ છે જે એ મને બતાવે છે. આ જગતના લોકો અરીસા જેવા કહેવાય, આપણે ઉપકાર માનવો જોઈએ કે સારું કર્યું, મને આ બતાવ્યું. ફાવશે એવું ?

પ્રશ્નકર્તા : હા.

દીપકભાઈ : એટલે કોઈ ખરાબ કહે તો,

૧) આપણે તપાસ કરવાની કે મારી ખરાબી ક્યાં છે ?
૨) પછી મારી ખરાબી કેવી રીતે સુધારી શકાય ?
૩) એનો ઉપકાર માનવો કે તે મને સારી હેલ્પ કરી.
૪) ખરાબ ચીતરાઈ ગયું હોય એના પ્રતિક્રમણ કરવા.



આ તો નવી જ વાત !
જેને પ્રગતિ કરવી હોય, એને આ વાંધા ઉઠાવનારા, ટીકા કરનારા, વિરોધ કરનારા મહાન ઉપકારી છે. કારણ કે એની (વિરોધી) પાસે દૃષ્ટિ છે. (ભૂલ) દેખાડી શકે, એવું છે. અને હોય તો જ દેખાડે.
ફ્રીક્શન (ખરબચડું) વગર તો પ્રગતિ થાય જ નહીં. અત્યારે આખા હાઈવે પર ઓઈલના (તેલના) ડ્રમ ઢોળાઈ ગયા હોય તો માણસને ઝડપથી જવું હોય તો જઈ શકે ? ના, કેમ ? તો કહે, ફ્રીક્શન જોઈએ. પછી એ લોકો રેતી નાખે. કેમ, તો કહે, ફ્રીક્શન ઊભું કરવા માટે. ફ્રીક્શન પ્રગતિ માટે હિતકારી છે.

ઘણા ઘણા મોટા રાજ્યો હોય છે, એ લોકોએ શોધી કાઢ્યું કે આપણે જાહેરમાં મત લો. અને જે લોકો વાંધો ઉઠાવે એ નોંધી લો. અને એના આધારે આખી ડિઝાઈન બનાવે કે આપણે કેવા સુધારા કરીએ જેથી કરીને આપણું બેસ્ટ ઓર્ગેનાઈઝેશન થઈ શકે. જ્યાં જ્યાં વિરોધને સ્વીકાર કરવામાં આવે છે, તે આદર્શ સંસ્થા થઈને ઊભી રહે છે કે આદર્શ સમાજ થઈને ઊભો રહે.






વિરોધ એટલે શું ? કે એનું પોઝિટિવ લઈને સોલ્યુશન લાવે છે. આપણે વિરોધમાં સ્વીકાર કરીએ અને સમજણ પૂર્વક ઉકેલ લાવીએ, તો આપણી પ્રગતિ છે.



# ચેલેન્જ



આજે વૈભવી એકદમ ખુશ હતી. સ્કૂલેથી આવી, દફતર સોફા પર મૂકી, એ મમ્મીને ભેટી પડી. મમ્મીને વળગીને કહેવા લાગી, ‘‘મમ્મી આજે હું બહુ જ ખુશ છું. અમારા ડાન્સ ટીચરે બધા વચ્ચે મારા એટલા બધા વખાણ કર્યા કે વાત જ ના પૂછો. આવતા મહિનાની ઈન્ટર - સ્કૂલ ડાન્સ કોમ્પિટિશન માટે એમણે મારું સિલેક્શન કર્યું છે. તને ખબર છે મમ્મી, કેટલા બધામાંથી મારું સિલેકશન થયું છે. મમ્મી, આપણે ખૂબ તૈયારીઓ કરવી પડશે. તું મને શીખવાડીશ ને ?’’


નાનપણથી વૈભવની મમ્મીએ એને કથ્થક શીખવા માટે ખૂબ પ્રોત્સાહન આપ્યું હતું. તેઓ પોતે પણ કથ્થકમાં પારંગત હતા. એમની ઘણી ઈચ્છા હતી કે વૈભવી સ્ટેજ શો કરે. અને આજે વૈભવીને એ તક મળી તેથી મમ્મીને પણ ખૂબ આનંદ હતો.

સ્કૂલનું હોમવર્ક પતાવી, વૈભવી રોજ ડાન્સ ક્લાસમાં જતી. સહેજ પણ થાક્યા વગર, ઉત્સાહ પૂર્વક નિયમિત ડાન્સ પ્રેક્ટિસ કરતી. ઘરે આવીને મમ્મીને એના ડાન્સના સ્ટેપ્સ દેખાડતી.

‘વૈભવી તારી મુદ્રા બરાબર નથી’ મમ્મી વૈભવીને ટકોર કરતી. આમ મમ્મી ક્યારેક એની મુદ્રા તો ક્યારેક એના હાવભાવ સુધારવા માટે સલાહ આપતી.

એક દિવસ, વૈભવી મમ્મીની ટકોરોથી ખૂબ અકળાઈ ગઈ. ચિઢાઈને કહેવા લાગી, ‘‘મારા ડાન્સ ટીચર, મારા ફ્રેન્ડસ બધા જ મારા વખાણ કરતા હોય છે. અને તને હમેશાં મારામાં ખામીઓ જ દેખાય છે. તું કાયમ મારામાં ડીફેક્ટ જ ખોળતી હોય છે.’’

વૈભવીના આવા વર્તણુકથી મમ્મીને થોડો આંચકો લાગ્યો. થોડી વાર શાંત રહ્યા પછી મમ્મીએ એને કહ્યું, ‘‘બેટા, હું તારામાં ડીફેક્ટ નથી ખોળતી, તને પરફેક્ટ બનાવવાની કોશિશ કરું છું.’’



પણ વૈભવીને મમ્મીની વાતની કોઈ અસર ન થઈ. એ ગુસ્સામાં ત્યાંથી ચાલી ગઈ. રાત પડી. વૈભવી કમ્પ્યુટર પર ઈન્ટરનેટ સર્ફ કરી રહી હતી. મમ્મી પલંગ પર બેઠાં બેઠાં એક ચોપડી વાંચી રહ્યા હતા. અચાનક મમ્મીએ ચોપડી બંધ કરી અને વૈભવીને કહ્યું, ''સાંજે આપણી જે વાત થઈ એના ઉપર હું વિચાર કરતી હતી. મને એક વાર્તા યાદ આવી, સાંભળીશ તું?''

ચિઢાઈને વૈભવીએ 'હા' પાડી અને મમ્મીએ વાત શરૂ કરી.

''એક ગામમાં એક સંત રહેતા હતા. ગામ આખાને એ સંત પર ખૂબ પૂજ્યભાવ હતો સિવાય દલપતને. જ્યારે ગામ આખું સંતની વાતોના વખાણ કરતું, ત્યારે દલપત એમની વાતમાંથી કોઈ ભૂલ કાઢી એમનો વિરોધ કરતો.

જ્યારે દલપત ગુજરી ગયો, ત્યારે એ સંત ખૂબ દુઃખી થઈ ગયા. આ જોઈ કોઈકે સંતને કહ્યું, ''દલપત તો તમારો આટલો મોટો વિરોધી હતો. એના ગુજરી જવાથી તમને આટલું બધું દુઃખ કેમ થાય છે?''

સંતે જવાબ આપ્યો, ''હું એના માટે નહીં પણ મારા માટે દુઃખી છું. દલપતના વિરોધ અને પડકારને હું કસોટી સ્વરૂપે લઈ, તેને પાર કરતો હતો, હવે મને ડર છે કે એના પડકાર વગર, મારો વિકાસ અટકી જશે.''

વૈભવીના માથે હાથ ફેરવી, મમ્મી બોલી, ''એટલે બેટા, જો તું પણ એ સંતના દૃષ્ટિકોણને અપનાવીશ અને કોઈ પણ વિરોધ અથવા સલાહ-સુચન કે ટકોરને એક ચેલેન્જ તરીકે લઈ, એ ચેલેન્જને પાર પાડીશ તો તારો પ્રોગ્રેસ જ થશે. અને તારો પ્રોગ્રેસ થાય એમાં જ મને રસ છે.''

આ સાંભળવા છતાંય વૈભવીને મમ્મીની ટોક-ટોક ગમતી તો નહોતી જ. પણ મમ્મીની ટકોરોને અમલમાં મૂકતી ત્યારે એના પરફોર્મન્સમાં સુધારો થતો પણ ખરો. અને આમ દિવસો વીતવા લાગ્યા.







કોમ્પિટિશનનો દિવસ આવી ગયો.

કોમ્પિટિશનના સેકંડ લાસ્ટ રાઉન્ડમાં બધા જજીસે વૈભવીને ૯ પોઈન્ટ્સ આપ્યા, સિવાય કે એક જજે. એ જજે વૈભવીને ૬ પોઈન્ટ્સ આપ્યા. એ જજના સ્કોરથી વૈભવી ખૂબ નારાજ થઈ ગઈ. એને વિચાર આવ્યો, 'બધા જજીસે મારો ડાન્સ વખાણ્યો અને પેલા જજે મારું ૬ પોઈન્ટસ આપી અપમાન કર્યું છે. મારે હવે છેલ્લા રાઉન્ડમાં નથી જવું.'

પણ આ વિચાર આવતાંની સાથે જ એને મમ્મીના શબ્દો યાદ આવ્યા, 'કોઈ પણ વિરોધને એક ચેલેન્જ તરીકે લઈ, એ ચેલેન્જ ને પાર પાડીશ તો તારો પ્રોગ્રેસ જ થશે.'...

...અને એનો આત્મવિશ્વાસ ફરી જાગૃત થયો. 'તો શું થઈ ગયું કે મને ૬ પોઈન્ટ્સ મળ્યા. આને હું એક ચેલેન્જ તરીકે લઈ, સુધરવાનો પ્રયત્ન કરીશ' આમ વિચારી વૈભવી છેલ્લા રાઉન્ડ માટે તૈયાર થઈ ગઈ અને ખૂબ સુંદર પરફોર્મન્સ આપ્યું.

અને વૈભવીને કોમ્પિટીશનમાં ફર્સ્ટ પ્રાઈઝ મળ્યું. વૈભવીને ટ્રોફી આપતા જજે કહ્યું, ''બધાનો ડાન્સ ખૂબ જ સુંદર હતો. કોમ્પિટિશન બહુ જોરદાર હતી. કોને ફર્સ્ટ પ્રાઈઝ આપવું એ નક્કી કરવું અમારા માટે મુશ્કેલ હતું. પણ વૈભવી, છેલ્લા રાઉન્ડમાં તારી મુદ્રાઓ અને તારા હાવભાવ એટલા સુંદર હતા કે અમે ઈચ્છીએ તો પણ તારા માર્કસ કાપી ના શકત.''

આ સાંભળી વૈભવી ખૂબ ખુશ થઈ ગઈ. એણે મમ્મીને સ્ટેજ પર બોલાવી. બધાની વચ્ચે મમ્મીને પગે લાગી. પછી માઈક હાથમાં લઈને કહ્યું, ''મમ્મી, આ જીતનો શ્રેય તને જાય છે. મને તારી ટકોર સહેજે ગમતી નહોતી. પણ આજે મને સમજાયું કે મને પરફેક્ટ બનાવવા માટે તું મારી ડીફેક્ટ કાઢતી હતી.''

જ્યારે ઈનામની ટ્રોફી લઈ, ખુશખુશાલ થઈને, વૈભવી અને મમ્મી ઘરે જવા રવાના થયા, ત્યારે વૈભવીએ મનમાં નક્કી કર્યું કે 'આજથી ક્યારેય કોઈની ટકોર કે અવળી કોમેન્ટ પ્રત્યે અણગમો નહીં રાખું. એવી ટકોરને પોઝિટિવલી લઈ, હંમેશા સુધરવાનું જ લક્ષ રાખીશ.'



# આલ્ફ્રેડ નોબેલ

આ વાત છે - આલ્ફ્રેડ નોબેલની. આલ્ફ્રેડ નોબેલનું નામ સાંભળીને કદાચ તમને નોબલ પીસ (શાંતિ) પુરસ્કારો અને અન્ય નોબેલ પુરસ્કારો યાદ આવ્યા હશે. હા, એ જ આલ્ફ્રેડ નોબેલની વાત છે, જેમણે નોબેલ પુરસ્કારની સ્થાપના કરી અને એના માટે પોતાની આખી સંપત્તિ દાન કરી દીધી.

પણ જાણો છો કે આખી જિંદગી આલ્ફ્રેડ નોબેલને વિશ્વશાંતિ વગેરે સાથે કોઈ જ લેવા-દેવા નહોતી. પણ એક એવો બનાવ બન્યો જેના કારણે એમની જિંદગીમાં બહુ મોટો બદલાવ આવ્યો.

આલ્ફ્રેડ નોબેલ એક બહુ મોટા ઉદ્યોગપતિ હતા. તેઓએ ડાઈનમાઈટની (નાઈટ્રોગ્લિસરીનમાંથી બનતો એક ભારે સ્ફોટક પદાર્થ ) શોધ કરી હતી. પણ જ્યારે તેમણે આ શોધ કરી ત્યારે એમને એવો ખ્યાલ નહોતો કે જે નિર્માણ કાર્યના ઉદ્દેશ્યથી શોધાયેલી વસ્તુનો ઉપયોગ હિંસા માટે થશે. પોતાની આ શોધના કારણે એમણે ભારે સંપત્તિ અને સમૃદ્ધિ મેળવી હતી.

એક દિવસ એમણે છાપામાં એમની મૃત્યુ નોંધ વાંચી. છાપાની હેડલાઈન હતી - 'મોતના સોદાગર - આલ્ફ્રેડ નોબેલનું મૃત્યું'.

બન્યું હતું એવું કે આલ્ફ્રેડના ભાઈ, લુડવિગનું મૃત્યુ થયેલું, પણ છાપાવાળાઓએ ભૂલથી આલ્ફ્રેડનું મૃત્યુ જાહેર કરી કાઢ્યું.

'મોતના સોદાગર-આલ્ફ્રેડ નોબેલ ?' પોતાના મૃત્યુની આવી જાહેરાત વાંચી આલ્ફ્રેડને ખૂબ આઘાત લાગ્યો.

એમને થયું, "શું મારા મૃત્યુ પછી લોકો મને આવી રીતે યાદ કરશે ?"

અને તે દિવસે એમણે નક્કી કર્યું કે હું મારી બાકીની જિંદગી વિશ્વશાંતિ માટે ગાળીશ.'

અને એમણે પોતાની મોટા ભાગની સંપત્તિ નોબેલ પીસ (શાંતિ) પુરસ્કાર માટે ખર્ચી કાઢી.

જોયું મિત્રો ? એક ઊંધુ વાક્ય, પણ પોઝિટિવલી લેતા એમનું જીવન વિશ્વશાંતિ માટે વળી ગયું.




# ચાલો રમીએ.....

૧. તફાવત શોધો.





૨. ટપકાં જોડી રંગ પુરો.



## ૩. આપેલ ચિત્રોને ક્રમમાં ગોઠવો.




1 2 3




1 2 3




1 2 3

## ૪.


અહીં આપેલ ચિત્રોમાં કેટલા સફરજન છુપાયેલા છે તે શોધી કાઢો.




## ૫.

દર્શાવેલ આકૃતિમાં કોઈ પણ બે દિવાસળીને એવી રીતે હલાવો કે જેથી સમય ૪:૩૦ થાય. દિવાસળીને ઉપરાઉપરી મુકી શકાશે નહીં.




સુરદાસ
આધ્યાત્મિક માર્ગ પર પ્રગતિ કરવાના હેતુથી સુરદાસ નામના એક ભક્ત, ગુરૂના શરણે આવ્યો. આધ્યાત્મ જ્ઞાન મેળવવાની ઝંખના એણે ગુરૂ સામે રજુ કરી.
હે ગુરૂદેવ, મને આત્માનું જ્ઞાન આપો.
જ્ઞાન પ્રદાન કરતા પહેલા સુરદસની ભૂમિકા તૈયાર કરવા માટે ગુરૂએ એને એક આજ્ઞા કરી..
હું તને જ્ઞાન પ્રદાન કરું એ પહેલા તારે મારી એક આજ્ઞાનું પાલન કરવું પડશે.
જ્ઞાન મેળવવા હું બધું જ કરવા તૈયાર છું. આપ આજ્ઞા કરો ગુરૂદેવ.
તારી બધી દૈનિક પ્રવૃત્તિઓ કરતા પહેલા તું ઈશ્વરનું સ્મરણ કરજે. એક અઠવાડિયા સુધી આમ કર્યા બાદ, તું નદીમાં સ્નાન લઈને મને મળવા આવજે.
ગુરૂદેવની આજ્ઞા પ્રમાણે અઠવાડિયા સુધી નિષ્ઠાપૂર્વક સુરદાસે દરેક કામ પહેલા ઈશ્વરનું સ્મરણ કર્યું.


અઠવાડિયા પછી સ્નાન લઈ, ચોખ્ખા વસ્ત્રો ધારણ કરી, એ ગરૂદેવને મળવા ગયા. ગુરૂદેવની કુટીરની બહાર એક વ્યક્તિ ઝાડુ વાળતો હતો. ભૂલથી એનું ઝાડું સુરદાસને લાગી ગયું.
નાલાયક, તને દેખાતું નથી ? મારા ચોખ્ખા કપડા બગાડી નાખ્યા. હવે મારે ફરી સ્નાન કરવું પડશે.
ગુરૂદેવે આ જોયું. સુરદાસ જ્યારે ફરી સ્નાન લઈ ગુરૂદેવને મળવા આવ્યા ત્યારે..
વત્સ, આ અઠવાડિયું પણ તમે ગયા અઠવાડિયાની જેમ જ ગાળજો અને મને આવતા અઠવાડિએ મળવા આવજો.
બીજે અઠવાડિયે પણ ઝાડુવાળાએ ફરી સુરદાસના કપડા બગાડ્યા. ફરી સુરદાસને એના પર ક્રોધ આવ્યો અને ફરી ગુરૂદેવે એને અઠવાડિયા સુધી ઈશ્વરના નામનું સ્મરણ કરવાની આજ્ઞા કરી. આવું લગભગ ચાર અઠવાડિયા સુધી ચાલ્યું.


પાંચમે અઠવાડિએ, જ્યારે ઝાડુંવાળાએ સુરદાસ પર કચરો ફેંક્યો, ત્યારે ઝાડુવાળાના આશ્ચર્યનો પાર ના રહ્યો. દર વખતની જેમ ક્રોધિત થઈને અપમાન કરવાના બદલે સુરદાસે હાથ જોડી એ ઝાડુંવાળાની માફી માંગી..
ભાઈ, હું આપનો આભાર માનું છું. તમને ગુરૂપદે સ્થાપું છું કારણ કે તમે મને ક્રોધને જીતતા શીખવાડ્યું.
આ પ્રસંગ નિહાળી ગુરૂદેવ ખૂબ રાજી થયા.
આજે તમે આધ્યાત્મનો પહેલો પાઠ ભણ્યા. તમને ક્રોધ કરાવનારને તમે ઉપકારી માન્યો અને ક્રોધને જીતી લીધો...
...આ રીતે જીવનમાં આવતી દરેક કઠીન પરિસ્થિતિઓને તમે તમારી ખામીઓને જીતવાની તક ગણશો તો આધ્યાત્મિક માર્ગમાં ખૂબ પ્રગતિ કરશો. આજથી તમે આશ્રમમાં રહીને સ્વાધ્યાય કરજો.
વિનયપૂર્વક ગુરૂને વંદન કરી, સુરદાસે પોતાના આધ્યાત્મિક માર્ગનો પ્રવાસ શરૂ કર્યો.

# ઊઘાડી આંખનું સપનું

"તો કવિતાના આ ફકરાનું વિશ્લેષણ કોણ કરશે ?" નીલમ ટીચરે પોતાના ચશ્મા ટેબલ પર મૂકી ક્લાસ તરફ નજર ફેંકતા પૂછ્યું.

શશાંકે પોતાની નોટબુકનું પાનું ખોલ્યું, જેમાં એણે પોતાના સુંદર અક્ષરોમાં કવિતાના એ ફકરાનું વિશ્લેષણ લખ્યું હતું ! થોડી ક્ષણો માટે પોતાનું લખાણ વાંચી, ફટાક દઈને એણે નોટબુક બંધ કરી દીધી. નીલમ ટીચરના નજરના કેમેરામાં શશાંકની આ એક્શન ઝડપાઈ ગઈ અને શશાંકનું આમ કરવા પાછળનું કારણ પણ એમને સમજાઈ ગયું.

જવાબ આપવાનો પોતાનો પાછલો પ્રયાસ શશાંકને યાદ આવ્યો અને મનમાં ને મનમાં એ રડી પડ્યો. ખૂબ જ ઉત્સાહમાં એ જવાબ આપવા ગયો, પણ દર વખતની જેમ તે દિવસે પણ એની જીભ ફરી અચકાઈ.

"ટ...ટ...ટીચર... મ...મ..ને... ખ, ખબર છ...છ,...છે,"


શશાંકનું વાક્ય પૂરું થાય એ પહેલા જ આખો ક્લાસ ખડખડાટ હસી પડ્યો. રિસેસ દરમિયાન કેન્ટીનમાં પણ એણે અમુક છોકરાઓને પોતાના ચાળા પાડતા સાંભળ્યા અને તે જ ક્ષણે સાહિત્યક્ષેત્રે કારકિર્દી બનાવવાનું એનું સપનું તૂટી ગયું.

ક્લાસ પછી નીલમ ટીચરે શશાંકની બેંચ આગળ આવીને કહ્યું, "સ્કૂલ પછી મને સ્ટાફ રૂમમાં મળવા આવજે."

શશાંકને સ્ટાફ રૂમમાં પ્રવેશતા જોઈ, નીલમ ટીચરે એક પ્રિન્ટ આઉટ કાઢ્યું અને એની સામે ધર્યું.

"મ,...મારે આનું શું ક...ક..કામ?" શશાંકે ટીચરને પૂછ્યું.





"સતત ત્રણ મહિના સુધી એણે પોતાના ઘરના ભોંયરામાં રહી બોલવાનો અભ્યાસ કર્યો."

"શશાંક, તને ટી.વી પર તારા આર્ટિકલ્સને પ્રેઝન્ટ કરવાની આટલી સુંદર તક મળી રહી છે અને તું કહે છે તારે આનું શું કામ ? આ તો તારું ડ્રીમ હતું," નીલમ ટીચર થોડા કડક અવાજમાં બોલ્યા.

શશાંકે મોઢું નીચું રાખી, માથુ હલાવી, ધીમા અવાજે કહ્યું, "ડ...ડ્રીમ ! ઊ....ઊઘાડી આંખના સ...સપના સાચા ના થાય. મ..મારા લખાણની કોઈને ક..ક..કદર નથી. બધા તો મારા પર હ..હસે છ..છે."

"તો શું થઈ ગયું ? તું એવું સમજે છે કે એ લોકો પાસે હસવાનું કોઈ કારણ નથી ? એમની મજાકથી નાસીપાસ થઈને બેસી જવું તો સહેલું છે. પણ એ મજાકના પ્રસંગોનો સદુપયોગ તું તારી પ્રગતિ માટે પણ કરી શકે છે. તું એવું કંઈક કરી બતાવ કે એ લોકો તારા ચાળા ના પાડી શકે."

ટીચરના પ્રોત્સાહનથી શશાંકને સારું લાગ્યું, પણ એ કશું બોલ્યો નહીં. થોડી ક્ષણો માટે ચુપકીદી છવાઈ ગઈ. ટીચર કમ્પ્યુટર પર કંઈક ટાઈપ કરવા લાગ્યા. કમ્પ્યુટર સ્ક્રીન પર એક વ્યક્તિનો ફોટો પોઈન્ટ કરીને બોલ્યા, "જાણે છે આ કોણ છે ?"

શશાંકે 'ના' કહી. આ છે, ડીમોસ્થિનીસ, એથંસનો સૌથી મહાન વક્તા. પણ સફળતા મેળવતા પહેલા ડીમોસ્થિનીસે ભારે નિષ્ફળતા અને વિરોધનો સામનો કરેલો.

શશાંકને ડીમોસ્થિનીસની વાતમાં રસ પડ્યો. નાનપણથી જ ડીમોસ્થિનીસે વક્તા બનવાનું સપનું સેવેલું. એકવાર એથંસની કોઈ સભામાં એણે બોલવાનો પ્રયાસ કર્યો. એનો પ્રયાસ એટલી હદે નિષ્ફળ ગયો કે

એને સભામાંથી મોઢું છુપાવીને નાસી જવું પડ્યું.''

આ સાંભળી શશાંકને મનમાં ને મનમાં ડીમોસ્થિનીસ માટે હમદર્દી થઈ.

ટીચરે વાત આગળ ચલાવી, ''પણ ડીમોસ્થિનીસ કોઈના મજાક કે વિરોધથી હાર માનીને બેસી જાય એવો નહોતો. ડીમોસ્થિનીસ જાણતો હતો કે પોતે સફળ વક્તાના લક્ષણો ધરાવતો નહોતો. એ પોતાની ખામીઓથી પરિચિત હતો. એટલું જ નહીં, પણ લોકોએ એની જે ખામીઓની મજાક ઉડાવી એની પણ એને નોંધ કરી અને એ ખામીઓને જીતી લેવાનો એણે નિશ્ચય કર્યો. ત્યાર બાદ, પોતાના ધ્યેયને પામવા એ દિવસ-રાત મંડી પડ્યો.

સતત ત્રણ મહિના સુધી એણે પોતાના ઘરના ભોંયરામાં રહી બોલવાનો અભ્યાસ કર્યો. તેની જીભ બોલતા બોલતા ઘણી વાર અચકાતી હતી. આ ખામીને દૂર કરવા એ મોઢામાં કાંકરા નાખી બોલવાનો અભ્યાસ કરતો. અવાજમાં બળ આવે તે અર્થે એ ઘણી વાર દરિયા કિનારે જઈ, મોઢામાં કાંકરા નાંખી મોજાનાં અવાજ કરતા પણ વધુ જોરથી બોલવાનો અભ્યાસ કરતો. બોલતી વખતે ચહેરાના હાવભાવ એ અરીસા સામે જોઈ તપાસ કરતો. આમ, સારા વક્તા બનવા માટે એ દિવસ-રાત ઝઝૂમતો હતો.

અને આખરે, એક દિવસ એને એના અભ્યાસનું ફળ મળ્યું. અને તે એથંસનો સૌથી મહાન વક્તા બન્યો.

ડીમોસ્થિનીસનો આવો પ્રેરણાદાયક વૃત્તાન્ત સાંભળી શશાંકને હિંમત આવી. હવે ટીચરને આગળ કશું કહેવાની જરૂર નહોતી.

''ટ...ટીચર, હું આ પ...પ... પ્રિન્ટ-આઉટ લઈ જાઉં?''


''શ્યોર'' ટીચરે એ ટૂંકામાં જવાબ આપ્યો.

ઘરે જવા માટે નીલમ ટીચરે પોતાની કાર સ્ટાર્ટ કરી, ત્યાં એમની નજર શશાંક પર પડી. એ સ્કૂલના કંપાઉન્ડમાંથી કાંકરા વીણીને એના પોકેટમાં નાખતો હતો.

''બેસ્ટ ઓફ લક શશાંક!'' હાથ હલાવી ટીચરે મોટા અવાજે બોલ્યા.

ટીચર સામે હાથ વેવ કરી, શશાંકે ટીચરને મોટી સ્માઈલ આપી.

''આખરે, એક દિવસ એને એના અભ્યાસનું ફળ મળ્યું.''



# ટોપિક એક્ટિવીટી

**નીચેની ખાલી જગ્યામાં નંબર કોડ વડે યોગ્ય જવાબ શોધી ભરો.**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧=ઉ | ૨=ધા | ૩=અ | ૪=રા | ૫=પ્ર | ૬=પો | ૭=પ | ૮=ટી | ૯=વ | ૧૦=કા |
| | ૧૧=રી | ૧૨=તિ | ૧૩=વાં | ૧૪=કા | ૧૫=દા | ૧૬=ઝિ | ૧૭=કો | ૧૮=ણ | |
| ૧૯=ક્ર | ૨૦=ટિ | ૨૧=શ્રી | ૨૨=ર | ૨૩=વ | ૨૪=ધ | ૨૫=મ | ૨૬=ગ | ૨૭=ણ | ૨૮=ખ |
| | | ૨૯=વિ | ૩૦=બ | ૩૧=આ | ૩૨=રા | ૩૩=ર | ૩૪=સા | | |

૧. વિરોધીઓનો તો (૧) (૭) (૧૪) (૨૨) માનવાનો હોય.

૨. (૩) (૧૧) (૩૪) આપણને, આપણે જેવા લાગતા હોય એવા દેખાડી દે.

૩. વિરોધીઓનું ખરાબ ચીતરાઈ ગયું તો એના (૫) (૧૨) (૧૯) (૨૫) (૨૭) કરવા.

૪. ફિક્શન (૫) (૨૬) (૧૨) માટે હિતકારી છે.

૫. વિરોધીઓનું (૬) (૧૬) (૨૦) (૨૩) લઈને સોલ્યુશન લાવવું જોઈએ.

૬. જેને પ્રગતિ કરવી હોય, એને આ (૧૩) (૨) ઉઠાવનારા, (૮) (૧૦) કરનારા, (૨૯) (૩૨) (૨૪) કરનારા મહાન ઉપકારી છે.

૭. પરમ પૂજ્યશ્રી (૧૫) (૧૫) (૨૧) પાસે વિરોધીઓનો ઉપકાર માનવાની અદભૂત દૃષ્ટિ હતી.

૮. વિરોધ કરનાર વ્યક્તિનું આપણે (૨૮)(૪)(૩૦) ચીતરીએ તો એમાં એનું નુકસાન ના થાય. આપણી ઉપર જ (૩૧)(૯)(૩૩)(૧૮)આવે.


જવાબ :
૧. ઉપકાર
૨. અરીસો
૩. પ્રતિક્રમણ
૪. પ્રગતિ
૫. પોઝિટિવ
૬. વાંધા, ટીકા, વિરોધ
૭. દાદાશ્રી
૮. ખરાબ,આવરણ

# પઝલના જવાબ


૧.



૨.



૫.



૩.




૪. ૯ સફરજન

## પૂજ્ય નીરુમાના જન્મદિન પર YMHT Girl દ્વારા લખાયેલું અને ગવાયેલું પદ

રાત પડે ને જરા આંખ મીચું
મને શમણામાં માવડી દેખાય
જરા અંતરના ઝરુખેથી ઝાખું
ને મને હસતા નીરૂમા દેખાય
રોજ રોજ મળે એ સ્વપ્નમાં મને
અને ગપ્પા મારીએ કંઈ કેટલાય
કેવી તે એની કારૂણ્યતા
ને આંખોમાં વીતરાગતા
મુખ પર એ હાસ્ય
અને કેવુ અપાર વાત્સલ્ય છલકાય
જરા અંતરના .......

કંઈક પ્રશ્ન થાય મનમાં ને
હું નાનુ બાળક બની જાઉં
સમાધાન આપે એ એટલા સચોટ
જાણે વાણીમાં ફૂલડા વેરાય
જરા અંતરના .......

વ્યવહારમાં આવતા
હાલતા ને ચાલતા
જરા સહેજ પણ ભટકી જાઉં
ટપલી મારે એ પ્રેમથી એવી
ફરી સ્વપ્નેય એ બાજુ ના જાઉં
જરા અંતરના .......

વ્યવહારમાં તો પ્યોર બનાવે
સાથે જ્ઞાનની પણ સમજણ આપે
સેવાના પાઠો તો મને રોજ ભણાવે
કેવી મહાન 'મા' થી કેળવાઉ
જરા અંતરના .......

ટકોરા મારીને મને ઘડે એવી
પ્રેમરસ કેવો તે પાયો
હજી વાતો કરું છુ એની જોડે
ત્યાં તો મારી 'મા' નો દેહવિલય થાય
નિર્વાણ કરી તમે તો સિધાવ્યા વિદેહે
હવે મારું શું થશે ?
પલ પલ આવા વિચારો આવે
વિરહ મારાથી ના સહેવાય
જરા અંતરના .......

ત્યાં તો આવ્યા ફરી મારી સામે
એ જ કરૂણા અને વિતરાગતા
હું તો જોઈને જ કેવી હરખાઈ
જરા અંતરના .......

હાથ ફેરવીને માથે કહે
અહીં જ તો છું હું
આ જ મારા મહાત્મા અને આ જ મારા બાળકો
એને છોડીને હું ક્યાં જાઉં ?
જરા અંતરના .......

સ્થૂળદેહે તો દૂર છે આજે
પણ સુક્ષ્મમાં ન ખોટ એની સાલે
હવે તો પૂજ્યશ્રી સામે જોઉં ને
મને એમાંય મારી 'મા' દેખાય
જરા અંતરના .......

હમણાં જ તો વાત કરીને હજી
કહે છે મુંઝાશો નહી હોં કોઈ
પ્રશ્ન કોઈ થાય ને તો આવજો પૂજ્યશ્રી પાસે
તમને ક્યારેય મારી ખોટ નહીં વર્તાય
જરા અંતરના .......

આજે ય એટલું જ કહે છે, સાથે જ છું હું
બસ દાદાનુ કામ કર્યે જાવ
જરા અંતરના .......

**સિદ્ધિ સઠીયા, ભાવનગર,**
**ઉંમર વર્ષ – ૧૯**

Akram Express

January 2014
Year : 6, Issue : 5
Conti. Issue No.: 65

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2012-2014
valid up to 31-12-2014
LPWP Licence No. CPMG/GJ/27/2012
valid up to 30-6-2014
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month

# HAPPY BIRTHDAY

ભાવનગરમાં GNC Day પૂજ્ય નીરુમાની બર્થડે ના દિવસે ઉજવાયો .બાળકો અને યુવાનોએ નાટક અને પદો પર ડાન્સ રજૂ કરી પૂજ્યશ્રી સાથે ફોટા પડાવ્યા. ઉપરાંત લખેલી GNC કેક પૂજ્યશ્રી એ કાપીને પૂજ્ય નીરુમાની બર્થડેની ઉજવણી કરી.















<u>અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના</u>

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # # હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 # #.** અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **SMS** કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

Printer, Publisher and Owner - Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Dimple Mehta, Printing Press **Amba offset:-** Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, Simandhar City, Adalaj-382421.Dist-Gandhinagar.